
ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરના ધોરણ-૧૦માં એ-૧ ગ્રેડ મેળવનાર તેજસ્વી તારલાઓ.....



# શહેરનું ધો-૧૦નું ૭૪.૦૫ ટકા પરિણામ

**જિલ્લાનુ પરિણામ ૬૫.૮૩ ટકા : જિલ્લામાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ સૌથી વધુ જયારે શેરથા કેન્દ્રનુ સૌથી ઓછુ ૩૧.૯૩ ટકા : સહજાનંદ સ્કુલ ઓફ એચિવરનો વિદ્યાર્થી પ્રથમ સ્થાને : કુડાસણ સ્કુલ ઓફ એચિવરના ૨૬ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડ : શહેરની શાળાઓમાંથી ૯૪ જેટલા તેજસ્વીઓએ એ વન ગ્રેડ મેળવ્યો : જિલ્લાના ૭૯૯૪ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા ન મળી**

## નો રિકવરી... નો ડિરેક્શન...

આજે ધો. ૧૦ની પરીક્ષાનું પરિણામ ગાંધીનગર જિલ્લા માટે વધુ હતાશા લઈ આવતાં શિક્ષણપ્રેમીઓમાં ચર્ચા જાગી છે કે નો રિકવર નો ડિરેક્શન જેવી સ્થિતિ જિલ્લાની થઈ ગઈ છે.

જિલ્લાનું પરીણામ ૫ ટકા જેટલુ ઘટ્યુ છે. અહિ પરિણામનું વિશ્લેષણ કરતાં ૧૦૦ ટકા પરિણામ લાવતી શાળાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. જિલ્લામાં ૧૦ ટકા કે તેથી ઓછુ પરિણામ મેળવતી શાળા ૬, ૧૧ થી ૨૦ ટકા પરિણામ મેળવતી શાળા ૯, ૨૧ થી ૩૦ ટકા પરિણામ મેળવતી શાળા ૧૬, ૩૧ થી ૪૦ ટકા મેળવતી શાળા ૨૩, ૪૧ થી ૫૦ ટકા પરિણામ મેળવતી શાળા ૩૧, ૫૧ થી ૬૦ ટકા પરિણામ મેળવતી શાળા ૪૩, ૬૧ થી ૭૦ ટકા પરિણામ મેળવતી શાળા ૫૨, ૭૧ થી ૮૦ ટકા પરિણામ મેળવતી શાળા ૫૩, ૮૦ થી ૯૦ ટકા પરિણામ મેળવતી શાળા ૫૦, ૯૧ થી ૯૯ ટકા પરિણામ મેળતી શાળા ૩૮ તો ૧૦૦ ટકા મેળવનાર શાળા માત્ર ૧૧ જ છે.

શિક્ષણતંત્ર એવુ આશ્વાસન આપી મન મનાવવાનો પ્રયાસ કરી રહેલ છે કે ૨૦૨૦ની તુલનામાં ૦ ટકા પરિણામ મેળવતી શાળામાં ૩ નો ઘટાડો થયો છે. પરંતુ ૨૦૨૦ની તુલામાં ૧૦૦ ટકા પરિણામ મેળવતી શાળામાં પણ ૫ નો ઘટાડો થયો છે તે અંગે મૌન છે.

**સમયસર**

**- પ્રકાશ જહા**

ગાંધીનગર જિલ્લો ટકાવારીની દ્દષ્ટિએ રાજયમાં ૧૫મા ક્રમે આવ્યો છે. ૨૦૨૦માં જિલ્લાનું પરિણામ ૬૯.૨૩ ટકા અને ૨૦૧૯માં ૭૧.૯૮ ટકા નોંધાયુ હતુ. જેમાં આવેલી ભારે ગિરાવટથી શિક્ષણપ્રેમીઓ હચમચી ઉઠ્યા છે. જિલ્લાના પરીક્ષા કેન્દ્રોના પરિણામમાં ૧૮.૩૫ ટકા સુધીનો ઘટાડો તો એક કેન્દ્રમાં ૧૨ ટકાનો સુધારો જોવા મળ્યો છે. જોકે મોટાભાગના કેન્દ્રોના પરિણામો ઘટ્યા છે. અર્થાત્ જિલ્લામાં શિક્ષણનું સ્તર ઘટ્યું કેમ ? તેને લઈ પણ શિક્ષણપ્રેમીઓમાં ચર્ચા જાગી છે. ભાષા, ગણિત અને વિજ્ઞાન વિષયોમાં નાપાસ થનારાઓની સંખ્યાને લઈ પણ સૌ કોઈ હચમચી ગયા છે. એક તરફ ગાંધીનગર નોલેજ સીટી તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરવાની વ્યસતતાઓ વચ્ચે જે પરિણામો આવ્યા છે તેણે શિક્ષણપ્રેમીઓને હચમચાવ્યા છે. ગાંધીનગર શહેર જ નહિ જિલ્લામાં પણ જે ચિત્ર ઉપસ્યુ છે તેમાં હવે એવુ કહેવામાં આવી રહ્યુ છે કે કોરોનાનામાં બે વખત માસ પ્રમોશનના લેવાયેલા નિર્ણયને પગલે બાળકનો પાયો જ નબળો હોવાને લઈ નબળુ પરિણામ આજે આવ્યું છે. નબળો પાયો પાકો કરાવવામાં શિક્ષણ સંસ્થાઓ ઉણી ઉતરી તેવો સ્વીકાર કરવામાં કચવાટ અનુભવે છે જે દુઃખદ છે. બાળકમાં જિજ્ઞાસાવૃત્તિને ખિલવી અને તેને શિક્ષણાભિમુખ કરવામાં શિક્ષણ સંસ્થાઓને રસ નથી રહ્યો પણ માત્ર ને માત્ર ફી ની વસુલી તેમજ મીઠી મીઠી વાતો કરી મન મનાવવાનું હવે વાલીઓને ભાગે આવ્યુ છે. કથળતા જતા સ્તર અંગે સત્વરે ચિંતન થાય તેમજ સ્તર સુધારણા માટે સુધારાત્મક કાર્યવાહી થાય તેવી સૌ કોઈ લાગણી અનુભવી રહ્યા છે.

ગાંધીનગર તા ૬

ધો -૧૦ ની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ હતુ જેમાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૭૪.૦૫ ટકા પરિણામ આવ્યુ હતુ ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૬૫.૮૩ ટકા રહ્યુ હતુ જિલ્લામાં વિવિધ કેન્દ્રો પૈકી સૌથી વધુ ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ રહ્યુ હતુ જયારે સૌથી ઓછુ શેરથા કેન્દ્રનુ ૩૧.૯૩ ટકા પરિણામ આવ્યુ હતુ જિલ્લામાંથી ૩૧૨ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે જયારે શહેરની વિવિધ શાળાના પણ ૯૪ જેટલા વિદ્યાર્થીઓએ પણ એ વન ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. શહેરમાં સહજાનંદ સ્કુલ ઓફ એચિવરનો વિદ્યાર્થી ટોપર્સની યાદીમાં પ્રથમ સ્થાને રહ્યો છે. જયારે કુડાસણ સ્કુલ ઓફ એચિવરના પણ ૨૬ વિદ્યાર્થીઓ પરિણામમાં ઝળક્યા છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૨ માં લેવાયેલી ધો -૧૦ ની બોર્ડ પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાયુ હતુ જેમાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૭૪,૦૫ ટકા રહ્યુ છે. જે ગત વર્ષની સાપેક્ષમાં ૩.૨૨ ટકા ઓછુ છે. ગાંધીનગર જિલ્લાનુ પરિણામ પણ ૬૫.૮૩ ટકા આવ્યુ છે. જયારે જિલ્લામાંથી પરીક્ષા માટે નોંધાયેલા ૨૨૪૪૭ વિદ્યાર્થીઓ પૈકી ૨૨૨૨૬ પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા જયારે બોર્ડ પરીક્ષાના પરિણામની જાહેરાતના અંતે જિલ્લાના ૭૯૯૪ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી નથી. જિલ્લામાંથી કુલ ૩૧૨ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડ પ્રાપ્ત થયો છે. જયારે ૧૫૭૧ ને એ ટુ, ૨૬૮૦ને બી વન, ૩૬૯૮ ને બી ટુ, ૪૦૨૩ ને સી વન, ૨૨૦૨ ને સી ટુ, ૧૪૪ ને ડી ગ્રેડ પ્રાપ્ત થયો છે. પરીક્ષાનુ પરિણામ એકંદરે નીચુ જતા નાપાસ થનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગર જિલ્લાના વિવિધ કેન્દ્રોની વાત કરીએ તો સૌથી વધુ ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૭૪.૦૫ ટકા આવ્યુ છે. જયારે સૌથી ઓછુ પરિણામ શેરથા કેન્દ્રનુ ૩૧.૯૩ ટકા આવ્યુ છે. નાંદોલ ૭૧.૭૭ ટકા , દહેગામનુ ૬૭.૨૩ રખિયાલનુ ૫૪.૫૫, બહિયલનુ ૬૯.૨૫ શેરથાનુ ૩૧.૯૩ ગાંધીનગર કેન્દ્રનુ ૭૪.૦૫ છાલાનુ ૬૧.૪૩, ઝીંડવા કેન્દ્રનુ ૬૧.૮૦ કલોલ કેન્દ્રનુ ૬૪.૩૯ જયારે માણસા કેન્દ્રનુ ૬૪.૧૦ અડાલજ કેન્દ્રનુ ૫૮ ટકા એ આજોલનુ ૫૫.૨૬ ડભોડા કેન્દ્રનુ ૬૨.૬ સોજા કેન્દ્રનુ ૬૫.૭૧ ટકા પરિણામ આવ્યુ છે. ગાંધીનગર શેહરમાં પણ એ વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા વિશેષ છે. જેમાં નગરની

● અનુસંધાન પાન-૭ પર

## ૩૧૨ વિદ્યાર્થીને એ-વન ગ્રેડ

## શહેરની વિવિધ શાળાઓનુ પરિણામ

| શાળાનુ નામ | બેઠા | પાસ | ટકાવારી | એ વન |
|---|---|---|---|---|
| ઈન્ફોસીટી સ્કુલ ઘ-૦ યુનિટ | ૧૧ | ૧૧ | ૧૦૦ | ૧ |
| ઈન્ફોસીટી સ્કુલ સરગાસણ | ૬૩ | ૬૩ | ૧૦૦ | ૪ |
| સહજાનંદ સ્કુલ ઓફ અચિવર | ૮૬ | ૮૪ | ૯૭.૬૧ | ૧૩ |
| સે-૨૩ સ્વામિનારયણ ગુરુકુલ સ્કુલ | ૧૧૮ | ૧૧૪ | ૯૬.૬૧ | ૧૦ |
| સે-૨૩ શેઠ સી એમ હાઈસ્કુલ | ૪૫૫ | ૪૧૨ | ૯૦.૫૪ | ૩ |
| સ્કુલ ઓફ એચિવર કુડાસણ | | | | ૨૬ |
| સે-૮ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ | ૨૩૭ | ૨૧૦ | ૮૮.૬૧ | ૧૫ |
| સે-૨૩ આર જી કન્યા શાળા | ૩૩૨ | ૨૯૨ | ૮૭.૯૫ | ૧૧ |
| સે-૨૩ આર સી પટેલ સ્કુલ | ૨૨૮ | ૧૭૭ | ૭૭.૬૩ | ૪ |
| સે-૨૩ એમ બી પટેલ સ્કુલ ઈંગ્લી | ૨૪૮ | ૨૧૪ | ૮૬.૮૯ | ૭ |
| સે-૭ સરદાર વલ્લભભાઈ સ્કુલ | ૧૨૪ | ૪૯ | ૩૯.૫૨ | -- |

## ધો-૧૦ના ટોપર્સને ડોકટર બનવાની ખેવના

**નિયમિત વાંચન અને રીવીઝન ખુબ મહત્વની બાબત : શહેરમાં ટોપર્સની યાદીમાં સમાવિષ્ટ તેજસ્વીઓ કિશોરસરને આદર્શ માને છે : કિશોરસરને ફોલો કરો તો પરિણામ તો આવવાનુ જ..અડધી રાત સુધી કીશોર સર સતત વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ દુર કરવા મથતા રહે છે : તેજસ્વીઓનો સુર**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં ધો -૧૦ ની પરીક્ષામાં એ વન ગ્રેડ મેળવનાર મોટાભાગના વિદ્યાર્થીઓએ ડોકટર બનવાની ખેવના વ્યકત કરી છે. કિશોર ઈન્સ્ટીટચુટમાં કોચિંગ મેળવતા ઋુષિન ચિરાગભાઈ મોદીને આગળ આઈ ટી સોફટવેર એન્જિયરીંગમાં અભ્યાસ કરવો છે. મામાની જેમ સોફટવેર એન્જિયર બનવુ છે. ઋુષિનના મતે કિશોરસરને ફોલો કરવાથી સારુ પરિણામ પ્રાપ્ત થાય જ તેમ પણ તે મક્કમ પણે માને છે. સે-૨૩ ગુરુકુલમાં અભ્યાસ કરતા ઋુષિનના પિતા ચિરાગભાઈ જી ઈ બી માં એન્જિયર તરીકે કામ કરે છે. જયારે માતા પારુલબેન કૃષ્ણનગર રાંધેજા પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. ટકનોલોજીમાં વિશેષ રસ દાખવતા ઋુષિન કીશોર સરને આદર્શ માને છે. સેન્ટ ઝેવિયર્સના શ્યામ બી બેંકરને આગળ મેડિકલમાં અભ્યાસ કરીને ડોકટર બનવુ છે. ભાઈ માનસિક બીમાર હોવાના લીધે પિતા બિપીનભાઈએ કામ પડતુ મુકી તેને સાચવવાનુ સ્વીકાર્યુ છે. જયારે ભાઈની આ હાલત જોઈ શ્યામે ડોકટર બનવાનો નિર્ણય લીધો છે. માતા પ્રિયંકાબેન સે-૨ ની સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષિકા છે. ક્રિકેટ રમવાનો અને સતત નવુ જાણવાનો શોખ ધરાવતા શ્યામના મતે પોતાના પરિણામમાં કિશોરસરની મહેનત પણ રંગ લાવી છે. અડધી રાતે પણ કીશોરસર વિદ્યાર્થીઓની ડિફીકલ્ટીઝ સોલ્વ કરવા મથતા રહે છે. અને સતત શીખવાડવા માટે ઉત્સુક હોય છે. હીંમતનગરથી કિશોર ઈન્સ્ટીટ્યુટમાં અભ્યાસ કરવા માટે આવેલી પ્રાંજલ દિનેશભાઈ પટેલે કોરોના કાળમાં ઓનલાઈન અભ્યાસ કર્યો છે. રોજની સાત કલાકની મહેનતના અંતે નિયમિત યોગા અને મોટીવેશનલ સ્પીચ સાંભળી સતત પ્રોત્સાહન મળ્યુ છે. પ્રાંજલના મતે કીશોર સરના સતત માર્ગદર્શન અને પ્રોત્સાહનના લીધે પોતે હવે ડોકટર બનવાનુ સ્વપ્ન સાકાર કરવાની રાહે આગળ વધી રહી છે. માઉન્ટ કાર્મેલ સ્કુલની યશવી હર્ષદકુમાર મોદી જણાવે છે કે કિશોર ઈન્સ્ટીટ્યુના લીધે અમારો આખો પરિવાર અહીં રહેવા માટે આવી ગયો જેથી અભ્યાસ કરવામાં સરળતા રહે. તેણીએ ગણિત વિષયમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે.જયારે વિજ્ઞાનમાં ૯૪ ગુણ મેળવ્યા છે. દીદીને ડોકટર બનવાની ઈચ્છા હતી પરંતુ હવે તેનુ સ્વપ્ન હુ સાકાર કરીશ તેમ પણ તેણીએ જણાંવ્યુ હતુ. કડી કેમ્પની આર જી કન્યા શાળામાં ભણતી ઝુલ્ફાબાનુ આમનઉલ્લાખાન પઠાણને પણ ડોકટર બનવુ છે. તેણીએ ગણિતમાં ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા છે. ટ્યુશન કલાસમાં સતત કીશોરસરના રીવીઝન અને તેમની ગણિત શીખવવાની સરળ પધ્ધિતથી પુરા ગુણ મેળવ્યા છે. તે વાતની ખુશી છે. તેણીની માતા સબાનાબાનુ હાઉસ વાઈફ છે જયારે પિતા અમાનઉલ્લાખાન ગાંધીનગરની કોર્ટમાં સરકારી વકીલ છે. સેન્ટ ઝેવિયર્સના કુશ ધીરેન્દ્રકુમાર પટેલે પણ ડોકટર બનવુ છે. ગણિતમાં ૯૯ ગુણ પ્રાપ્ત કર્યા છે. જયારે તે પોતાના સારા પરિણામ બદલ કિશોરસરને ક્યારેય નહીં ભુલે તેમ જણાંવતા કહે છે કે મારે ડોકટર બની સમાજમાં સેવા કરી નામના મેળવવી છે. રોજનુ કામ રોજ કરી લેવાની આદત અભ્યાસને વધુ સરળ બનાવે છે. કુશના પિતા ધીરેન્દ્રકુમાર રેલવેમાં નોકરી કરે છે. જયારે માતા અમીષાબેન હાઉસવાઈફ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com